૪.બ શારીરિક ધોરણઃ

| | અ.જ.જા. સિવાયના અન્ય ઉમેદવારો માટે | | મૂળ ગુજરાત ક્ષેત્રના અ.જ.જા. ઉમેદવારો માટે | |
|---|---|---|---|---|
| | પુરુષ | મહિલા | પુરુષ | મહિલા |
| ઉંચાઇ | ૧૬૩ સે.મી. | ૧૫૦ સે.મી. | ૧૫૫ સે.મી. | ૧૪૫ સે.મી. |
| છાતીનો ઘેરાવો (ફુલાવ્યા વગર) | ૭૯ સે.મી. | - | ૭૯ સે.મી. | - |
| છાતીનો ઘેરાવો (ફૂલાવેલ) | ૮૪સે.મી. | - | ૮૪ સે.મી. | - |
| વજન (કિ.ગ્રા) | ૫૦ કિ.ગ્રા | ૪૫ કિ.ગ્રા | ૫૦ કિ.ગ્રા | ૪૫ કિ.ગ્રા |

૮. પસંદગી પ્રક્રિયાઃ

આ પરીક્ષા ક્રમાનુસાર બે તબક્કામાં યોજવામાં આવશે.

- પ્રથમ તબકકો હેતુલક્ષી પ્રશ્નોવાળી OMR પદ્ધતિથી લેવાનાર લેખિત પરીક્ષા રહેશે.
- બીજો તબક્કો શારીરિક ક્ષમતા કસોટીનો રહેશે.
- બંન્ને તબક્કામાં સફળ થયેલ ઉમેદવારોએ વોકીંગ ટેસ્ટ પસાર કરવાનો રહેશે.

www.gkgrip.com

## વનરક્ષકની ભરતી લેખિત કસોટી માટે માપદંડ

- ભરતી માટે લેખિત પરીક્ષાએ અનિવાર્ય ક્વોલીફાઇંગ ટેસ્ટ છે. લેખીત પરીક્ષા ૧૦૦ પ્રશ્નોના હેતુલક્ષી પ્રશ્નપત્રમાં MCQ (Multipule choice Question) અને ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) પધ્ધતિમાં લેવામાં આવશે. જેમાં દરેક પ્રશ્નના ૨ ગુણ લેખે કુલ ગુણ ૨૦૦ રહેશે. સમય ૨ કલાક રહેશે. ખોટા જવાબ માટે મેળવેણ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. (નેગેટીવ માર્કીંગ લાગુ પડશે.) ઉમેદવારે બધા પ્રશ્નના જવાબ આપવાના રહેશે. OMR શીટમાં સફેદ શાહી (white ink) નો ઉપયોગ નિષેધ છે. જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નના જવાબમાં સફેદ શાહી (white ink)નો ઉપયોગ કરશે તો તે જવાબ ખોટો ગણી નેગેટીવ માર્કસ આપવામાં આવશે.
- લેખિત પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.
- પરીક્ષાનો અભ્યાસક્રમ વનરક્ષક વર્ગ-૩ સ્પર્ધાત્મક પરીક્ષા અને સીધી ભરતી નિયમો-૨૦૧૬ના પરિશિષ્ઠ-૧ અનુસાર રહેશે. વિવિધ વિષયને નીચે મુજબ વેઇટેજ આપવામાં આવશે.

| વિષય | ટકા વારી |
|---|---|
| સામાન્ય જ્ઞાન, | ૨૫ % |
| સામાન્ય ગણિત | ૧૨.૫ % |
| સામાન્ય ગુજરાતી | ૧૨.૫ % |
| કુદરતી પરીબળો જેવા કે,પર્યાવરણ તથા ઇકોલોજી, વનસ્પતિ વિષયક જ્ઞાન, વન્યજીવ સૃષ્ટી, જળ, જમીન, ઔષધિય વનસ્પતિ, કાષ્ટ તથા કાષ્ટ આધારીત ઉધોગો, ભુભૌગોલિક પરીબળો | ૫૦ % |

- વનરક્ષક વર્ગ-૩ સ્પર્ધાત્મક પરીક્ષા અને સીધી ભરતી નિયમો-૨૦૧૬ના જણાવ્યાનુસાર પરીક્ષા ખંડમાં વિવિધ ઇલેકટ્રોનિક ઉપકરણો પર પ્રતિબંધ ફરવવામાં આવેલ છે તથા ઉક્ત અધિનિયમના અધિનિયમ-૧૭માં જણાવેલ કારણોસર નિયમ ભંગ કરનાર ઉમેદવાર સામે આ નિયમમાં જણાવેલ અનુસારની શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- હેતુલક્ષી પરીક્ષામાં લધુત્તમ લાયકી ધોરણ કુલ ગુણના ૪૦ ટકા ગુણ રહેશે. ૪૦ ટકા કે તેથી વધુ માર્કથી ઉત્તિર્ણ થયેલ ઉમેદવાર બીજા તબક્કાની શારીરિક યોગ્યતા (ફીજીકલ ટેસ્ટ) માટે લાયક ગણાશે. પ્રથમ તબક્કાની પરીક્ષામાં ઉતિર્ણ થનાર ઉમેદવારો પૈક મેરીટના આધારે આશરે ૮ ગણા કે તેથી વધુ ઉમેદવારોને જરૂરીયાત અનુસાર બીજા તબકકાની શારીરિક ક્ષમતા કસોટી માટે બોલાવવામાં આવશે.
- શારીરિક ક્ષમતા કસોટી માટે વહીવટી અનુકુળતા મુજબ કોઇપણ તારીખે અને સમયે ઉમેદવારોને બોલાવવામાં આવશે અને તે મુજબ શારીરિક ક્ષમતા કસોટી માટે ઉમેદવારોએ તેઓને જણાવવામાં આવે તે કેન્દ્ર ખાતે હાજર રહેવાનું રહેશે.

www.gkgrip.com

## પુરુષ ઉમેદવારો માટે

| અ.નં. | શારીરિક ક્ષમતા ક્સોટીની વિગત | સમય અને માપ | |
|---|---|---|---|
| | | પુરૂષ ઉમેદવાર માજી સૈનિક સિવાય | માજી સૈનિક પુરૂષ ઉમેદવાર |
| ૧ | ૧૬૦૦ મીટર દોડ.. | ૬.૦૦ મિનિટ | ૬.૩૦ મિનિટ |
| ૨ | ઊંચોકુદકો | ૪ ફુટ ૩ ઇંચ | ૪ ફુટ |
| ૩ | લાંબોકુદકો | ૧૫ ફુટ | ૧૪ ફુટ |
| ૪ | પુલઅપ્સ (હથેળી પોતાની બાજુ રહે તે રીતે) | ઓછામાં ઓછા ૮ વખત | ઓછામાં ઓછા ૮ વખત |
| ૫ | રસ્સા ચઢ | ૧૮ ફુટ | ૧૮ ફુટ |

## મહિલા ઉમેદવારો માટે

| અ.નં. | શારીરિક ક્ષમતા ક્સોટીની વિગત | સમય અને માપ | માજી સૈનિક મહિલા ઉમેદવાર |
|---|---|---|---|
| ૧ | ૮૦૦ મીટર દોડ. | ૪ મિનિટ | ૪.૨૦ મિનિટ |
| ૨ | ઊંચોકુદકો | ૩ ફુટ | ૨ ફુટ ૯ ઇંચ |
| ૩ | લાંબોકુદકો | ૯ ફુટ | ૮ ફુટ |

www.gkgrip.com